- **<u>મુદ્દા નં.૧૭</u>** **:– બાકીની માહિતી ટ્રાફિક સેલ આર.ટી.આઈ પ્રોએકટીવ ડીસ્કલોઝર ફાઈલ નં.ર માં સામેલ છે.**

# <u>ટ્રાફિક –બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ ધ્વારા છેલ્લા ૨૦ (વીસ) વર્ષમાં કરેલ કામગીરી વિગત</u>

- સુરત શહેરના નાગરિકોને સુગમ અને સરળ યાતાયાત/પરિવહનના વિકલ્પો મળી રહે તે હેતુથી બી.આર.ટી.એસ. પ્રોજેકટ અંતર્ગત ૧૬૩ બસ શેલ્ટર સહિત ૧૦૮ કિ.મી. લંબાઈમાં બી.આર.ટી.એસ. કોરીડોર બનાવવામાં આવેલ છે તથા સદર રૂટ પર કુલ ૧૮૦ બી.આર.ટી.એસ. બસ અને ૫૭૫ સીટી બસ કાર્યરત કરવામાં આવેલ છે. વધુમાં સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ ૪૧૫ જગ્યાએ સીટી બસ સ્ટોપ બનાવવામાં આવેલ છે. બી.આર.ટી.એસ. બસ શેલ્ટરમાં જી.પી.એસ. સીસ્ટમ, પબ્લીક ઈન્ફોમેશન સીસ્ટમ તથા ઓટોમેટીક ફેરકલેકશન સીસ્ટમ જેવી અધતન ટેકનોલોજી કાર્યરત કરવામાં આવેલ છે તથા ૧૦૬૪ લોકેશન પર બસના રૂટની માહિતી દર્શાવતા માર્કર પોલ સીટી બસ સ્ટોપ પર ઉભા કરવામાં આવે છે.
- સીટી બસો/ બી.આર.ટી.એસ. બસોના ઓપરેશન અને મેઈન્ટેનન્સ માટે હાલમાં ૧૧ (અગિયાર) સીટીબસ/બી.આર.ટી.એસ. બસ ડેપો કાર્યરત છે. તેમજ શહેરી પરિવહન સેવામાં વર્ષ–૨૦૨૦ થી શરૂ કરીને આજદિન સુધી કુલ–૩૭૫ ઈલેકટ્રીક બસો કાર્યરત કરવામાં આવેલ છે. ઈલેકટ્રીક બસોના ચાર્જીંગ માટે ઈલેકટ્રીક ચાર્જીંગ સ્ટેશન, પાર્કિંગ શેડ બસ ડેપો/ટર્મીનલ અને વર્કશોપ સહિત અલથાણ, પાલનપોર, ભેસ્તાન , પાલ તથા મગોબ ખાતે કુલ–૦૫(પાંચ) ઈલેકટ્રીક બસ ડેપો કાર્યરત છે.
- નોન મોટરાઈઝડ ટ્રાન્સપોર્ટ(NMT) હેઠળ પર્યાવરણની જાળવણી હેતુ તથા શહેરના નાગરિકોને લાસ્ટ માઈલ કનેકટીવીટી મળી રહે તે હેતુથી શહેરના જુદા–જુદા સ્થળો પર પબ્લીક બાયસીકલ શેરીંગ સીસ્ટમ હેઠળ કુલ ૧૨૦ ડોકીંગ સ્ટેશનનો પર કુલ ૧૨૬૭ બાયોસીકલો શહેરીજનો માટે કાર્યરત કરવામાં આવેલ છે. વધુમાં સુરત શહેરમાં સાયકલીંગની પ્રવૃત્તિ પ્રોત્સાહન આપવા સારૂ ૮૦ કિ.મી. ના ડેડીકેટેડ સાયકલ ટ્રેક બનાવવામાં આવેલ છે.
- શહેરમાં વધતી જતી ટ્રાફિક સમસ્યાને હલ કરવાના ઉદ્દેશથી શહેરના અગત્યના ક્રિટીકલ ૭૯ ઈન્ટર સેકશનોની રીડીઝાઈન/જીયોમેટ્રીક ડીઝાઈનની કામગીરી SVNIT, સુરત પાસે કરાવવામાં આવેલ છે. જેનું અમલીકરણ સંલગ્ન ઝોન ધ્વારા કરવામાં આવે છે.
- સુરત શહેરમાં ૧૧ ફુટ ઓવર બ્રીજ ડી.બી.ઓ.ટી. ધોરણે એસ્કેલેટર/લીફટની સુવિધા સહિત કાર્યરત છે.
- સુરત શહેરના વિવિધ વિસ્તારો/રસ્તાઓ પર બ્યુટીફીકેશનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગો/ ઝોનોની કામગીરી દરમ્યાન ઉત્પન્ન થતા સ્ક્રેપમાંથી શહરેના આઈલેન્ડ ચેનેલાઈઝર્સ, ખુલ્લી જગ્યામાં, ગાર્ડનમાં અલગ –અલગ થીમ પરથી સ્કલ્પચર બનાવીને પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.